નિરમા-ટાઈડના કોડમાં વેચાતું 'મ્યાઉં મ્યાઉં ડ્રગ્સ

ઇન્સ્ટાગ્રામ પર વોશિંગ પાઉડરના નામે મોતનું પડીકું

મરોલી છાપરાભાઠાથી 7 લાખનું MD ડ્રગ્સ સાથે 21 વર્ષીય પેડલર ઝડપાયો

સુરતઃ થર્ટી ફર્સ્ટની રાત્રે પાર્ટીઓમાં ડ્રગ્સ પહોંચે તે પહેલા જ SOGએ 'નિરમા-ટાઈડ' જેવા કોડવર્ડના આડમાં 'મ્યાઉ મ્યાઉ' (MD) ડ્રગ્સ વેચતા એક યુવકને ઝડપી લીધો છે.

જ્યારે આખું સુરત વર્ષ 2026ના સ્વાગત માટે ઉત્સાહમાં હતું, ત્યારે સુરત SOGને બાતમી મળી હતી કે અમરોલી વિસ્તારમાંથી એક પેડલર મોટી માત્રામાં મેફેડ્રોન (MD) ડ્રગ્સની ડિલિવરી માટે નીકળવાનો છે. જેના આધારે છાપરાભાઠા રોડ પર ગણેશનગર રો-હાઉસ પાસે વોચ ગોઠવી પોલીસે 7.10 લાખની કિંમતના 236.780 ગ્રામ હાઈ પ્યુરિટી ક્રિસ્ટલ મેફેડ્રોન (MD) ડ્રગ્સ સાથે 21 વર્ષીય જીલ ભુપતભાઈ ઠુમ્મરની ધરપકડ કરી હતી. તે ખાસ કરીને ઇન્સ્ટાગ્રામ મારફતે ગ્રાહકો સાથે સંપર્કમાં રહેતો હતો. નશાની લેવડદેવડ છુપાવવા માટે તે 'નિરમા', 'ટાઈડ', 'OG' અને 'દવા' જેવા કોડવર્ડ વાપરતો હતો. ગ્રાહક જો મેસેજમાં 'નિરમા' અથવા 'ટાઈડ' લખે, તો તેનો અર્થ હાઈ પ્યુરિટી 'મ્યાઉ મ્યાઉ' ડ્રગ્સની માંગ માનવામાં આવતી હતી. આરોપી પોતાના 'આકા'ના કહેવાથી કમિશનની લાલચે આ ડ્રગ્સની ડિલિવરી કરતો હોવાનું પણ સામે આવ્યું છે. તેણે અત્યાર સુધી કેટલા યુવાનોને 'નિરમા-ટાઈડ'ના કોડવર્ડથી ડ્રગ્સ સપ્લાય કર્યું છે અને આ ડ્રગ્સ રેકેટના તાર સુરત ઉપરાંત અન્ય શહેરો સુધી કેટલા વિસ્તરેલા છે. તેની તપાસ પોલીસ કરી રહી છે.

સોશિયલ મીડિયા બન્યું નશાનું માર્કેટ

WhatsApp, Instagram અને Snapchat હવે માત્ર રીલ્સ અને ચેટિંગ પૂરતા સીમિત રહ્યા નથી. તપાસમાં ખુલ્યું છે કે આ પ્લેટફોર્મ્સ ડ્રગ્સ ડીલિંગનું મુખ્ય હથિયાર બની ચૂક્યા છે. જીલ ઠુમ્મર ગ્રાહકો સાથે ફોન કોલ કરવાને બદલે ઇન્ટરનેટ કોલિંગ અને ચેટિંગ પર નિર્ભર હતો. મેસેજ ડિલીટ, ડિસઅપિયરિંગ ચેટ્સ અને કોડવર્ડ્સનો ઉપયોગ કરીને તે પોલીસથી બચવાનો પ્રયાસ કરતો હતો. નશો વેચનાર અને ખરીદનાર વચ્ચે સીધી મુલાકાત વગર જ ડીલ ફાઈનલ થતી.

આ પ્રકારના કોડ વપરાય છે

» નિરમા- ટાઈડ
» OG - દવા

આકાઓના ઇશારે કમિશન માટે રમાતો ખતરનાક ખેલ

પકડાયેલો જીલ ઠુમ્મર માત્ર પ્યાદું હોવાનું તપાસમાં સામે આવ્યું છે. મૂળ જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાનો રહેવાસી જીલ સુરતમાં નોકરી કરતો હતો, પરંતુ સહેલાઈથી પૈસા કમાવાની લાલચે ડ્રગ્સના ધંધામાં ઝંપલાવ્યું. પૂછપરછમાં ખુલ્યું છે કે તેને મેફેડ્રોન સપ્લાય કરનાર મુખ્ય સૂત્રધાર ખુશાલ રાણપરીયા અને ભરત ઉર્ફે ભાણો લાઠીયા છે. આ બંને આરોપીઓ હાલ ફરાર છે. કમિશનની લાલચમાં યુવાનોને નશાના અંધકારમાં ધકેલવાનું આ સમગ્ર નેટવર્ક કામ કરી રહ્યું છે. પોલીસ હવે આકાઓ સુધી પહોંચવા ચક્રવ્યૂહ રચી રહી છે.

મ્યાઉં મ્યાઉં 150 રૂપિયે પ્રતિગ્રામ મળે છે

હેરોઈન અને કોકેઇન મોંઘા હોવાથી પાર્ટી કલ્ચરમાં મેફેડ્રોન જેવા સિન્થેટિક ડ્રગ્સ ઝડપથી લોકપ્રિય બન્યા છે. માત્ર 150 રૂપિયા પ્રતિ ગ્રામમાં મળતું 'મ્યાઉ-મ્યાઉ' યુવાનો માટે સહેલુ નશો બની ગયું છે. રિપોર્ટ્સ મુજબ મોટા શહેરોમાં 10માંથી 8 ડ્રગ એડિક્ટ્સ પાર્ટી ડ્રગ તરીકે મેફેડ્રોનનો ઉપયોગ કરે છે. આ નશો ભારતમાં જ કેમિકલ્સથી તૈયાર થતો હોવાથી તેની સપ્લાય સરળ છે. સસ્તું હોવા છતાં તેની અસર અત્યંત ઘાતક છે. પોલીસ અને એજન્સીઓ માટે આ ડ્રગ્સ મોટો પડકાર બની ગયો છે.

ઈચ્છાપોરમાં પાલતુ શ્વાનનું શંકાસ્પદ મોત

ડોગ કેચરો સામે ક્રૂરતાના આક્ષેપ સાથે પોલીસમાં અરજી

સુરતઃ ઈચ્છાપોર વિસ્તારમાં પાલતુ શ્વાનને પાલિકાના ડોગ કેચરો દ્વારા ઉપાડી લેવામાં આવ્યા બાદ તેના શંકાસ્પદ મોતનો ગંભીર વિવાદ સામે આવ્યો છે. પાંચ વર્ષથી પરિવારના સભ્યની જેમ પાળેલા શ્વાનના મૃત્યુથી માલિકમાં ભારે રોષ જોવા મળ્યો છે. પીડિત માલિક સુનિલકુમાર સિંગે આ મામલે પોલીસ કમિશનરને લેખિત અરજી આપી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ફરિયાદ મુજબ, 30 ડિસેમ્બરે સુરત મહાનગરપાલિકા સાથે સંકળાયેલી VSAWAD સંસ્થાના ડોગ કેચરો રજિસ્ટ્રેશન નંબર TS-08-UN-5156 વાળી ગાડીમાં ઈચ્છાપોર પહોંચ્યા હતા. સીસીટીવી ફૂટેજમાં દેખાય છે કે, માલિકની ગેરહાજરીમાં કર્મચારીઓ ઘરમાં પ્રવેશી શ્વાનને નિર્દયતાથી પકડી ગાડીમાં લઈ ગયા હતા. બાદમાં જ્યારે માલિક સંસ્થા ખાતે પહોંચ્યા, ત્યારે તેમને જણાવવામાં આવ્યું કે શ્વાનનું મૃત્યુ થઈ ચૂક્યું છે.

માલિકનો આક્ષેપ છે કે કોઈ જાણ કર્યા વગર અને પોસ્ટમોર્ટમ વિના જ મૃતદેહનો નિકાલ કરી દેવાયો છે.

દિશા ફાઉન્ડેશન દ્વારા આજથી પબ્લિક લીડરશિપ કેમ્પનો પ્રારંભ

સુરતઃ દિશા ફાઉન્ડેશન દ્વારા આગામી તા. ૨, ૩ અને ૪ જાન્યુઆરીના રોજ સુરત ખાતે યુવા માટે "Public Leadership Camp 4.0"નું આયોજન કરવામાં આવ્યું છે.

કેમ્પના ઉદ્ઘાટન સત્રમાં ભારતના ભૂતપૂર્વ નાગરિક ઉડ્ડયન પ્રધાન સુરેશ પ્રભુ ઉપસ્થિત રહેશે. કેમ્પ દરમિયાન ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, આત્મનિર્ભર ભારત, MSME, ફાઈનાન્સિયલ સર્વિસિસ, Ease of Doing Business, જીઓપોલિટિક્સ અને વૈશ્વિક આર્થિક પ્રવાહો જેવા મહત્વપૂર્ણ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવશે. અન્ય પ્રતિષ્ઠિત વક્તાઓમાં એસ. સોમનાથ (પૂર્વ અધ્યક્ષ ઇસરો), શ્રીમતી શાલિની અગ્રવાલ IAS (મ્યુનિસિપલ કમિશનર સુરત), મહેન્દ્ર દોહરે (એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા), ગોપાલ કૃષ્ણ અગરવાલ (રાષ્ટ્રીય પ્રવક્તા ભાજપ), સતીષ મરાથે (ડિરેક્ટર RBI), પ્રોફ. યોગી કોછરજી (AI ફ્યુચરિસ્ટ અને લેખક), રચિત રંજન (ચીફ પોલિસી ઓફિસર ઝેપ્ટો), કેશવ ગુપ્તા (મેક્સ હેલ્થકેર), કમલ ભારદ્વાજ (એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડન્ટ બેન્કએશ્યોરન્સ), નીરજ ચોકસી (કો-ફાઉન્ડર ઓફ NJ ફાઈનાન્સ), અમિત મુલાની (MD એટલાન્ટિકા ઈન્ટરનેશનલ),ડૉ. વિક્રાંત તોમર (ગ્લોબલ કન્વીનર), વિશ્વજીત દુબે (એડિશનલ એડવોકેટ જનરલ છત્તીસગઢ, સુપ્રીમ કોર્ટ), ધર્મેન્દ્રકુમાર હેરમા (એડિશનલ કમિશનર ઓફ સ્ટેટ ટેક્સ અમદાવાદ), રામ માધવજી (પ્રેસિડેન્ટ ઓફ ઈન્ડિયા ફાઉન્ડેશન),ડૉ. અંકિત શાહ (જીઓપોલિટિકલ એનાલિસ્ટ અને સ્ટ્રેટેજિસ્ટ) ઉપસ્થિત રહી યુવાનોને માર્ગદર્શન આપશે. કેમ્પના અંતિમ દિવસે સમાપન સમારોહમાં રાજ્યના ઉપમુખ્યમંત્રી હર્ષ સંઘવી હાજર રહેશે.

તમામ ઝોનને ઝૂંપડપટ્ટીઓનો સરવે બે દિવસમાં પૂર્ણ કરવા મ્યુ. કમિશનરની સૂચના

સુરતઃ બે દિવસ પહેલાં મનપા કમિ. દ્વારા રાજ્યના ચીફ સેક્રેટરી સહિતની ટીમ સમક્ષ આ અંગેનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા સુરત મનપામાં કરવામાં આવેલી સ્લમ ફ્રી સિટી અંતર્ગતની કામગીરીની સરાહના સાથે સુરતને દેશનું પ્રથમ (70 લાખથી વધુ વસતિ ધરાવતા શહેરોની કેટેગરીમાં) ઝૂંપડપટ્ટી મુક્ત શહેર બનાવવા માટેના આયોજનની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા આયોજનના ભાગરૂપે મનપા કમિશનર દ્વારા તાત્કાલિક અસરથી તમામ ઝોનોને સરવે માટે દોડતા કરી દીધા છે. રાજ્ય સરકારના સુરતને સ્લમ ફ્રી કરવાના આયોજનના ભાગરૂપે ફક્ત રાજ્ય, કેન્દ્ર સરકારની જમીનો પર સ્થિત ઝૂંપડાઓ જ નહીં, ખાનગી માલિકીની જગ્યામાં સ્થિત ઝૂંપડપટ્ટીને પણ દૂર કરવામાં આવશે. જેથી સુરત શહેર જલદી જ સ્લમ ફ્રી શહેર બની શકે.

કિશોરીને ભગાડી બળાત્કાર કરનાર યુવકને ૨૦ વર્ષની સજા

આરોપી પિક્ચર જોવાના બહાને રેલવે સ્ટેશન પર લઈ જઈ ગોવા લઈ ગયો હતો

સુરતઃ ૧૪ વર્ષીય કિશોરીને લગ્ન કરવાની લાલચ આપી ભગાડી જઈ અવારનવાર શારિરીક સંબંધો બાંધનાર આરોપીને ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટે ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી.

આ કેસની હકીકત એવી હતી કે સચિન જીઆઈડીસી વિસ્તારમાં રહેતા શ્રમજીવી પરિવારની ૧૪ વર્ષીય દીકરી તા૯-૧૧-૨૪ના રોજ ગુમ થઈ હતી. આ અંગે પિતાએ સચીન જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસની તપાસ દરમિયાન આરોપી સાગર મુન્નીરામ બીંદ નામનો યુવક બદકામ કરવાના ઈરાદે ભોગ બનનારને લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો. પોલીસે આરોપીની પોક્સો એક્ટ સહિતની કલમો અન્વયે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી અને કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસમાં ફરિયાદ પક્ષે સરકારી વકીલ ડી.વી. દવેએ ભારપૂર્વક રજૂઆત કરી હતી કે ભોગ બનનાર માત્ર ૧૪ વર્ષની છે અને આરોપી તે હકીકત જાણતો હતો. તેમ છતાં બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધેલા છે. આજકાલ સગીર વયની બાળાઓ તેમજ સ્ત્રીઓ વિરુદ્ધના ગુનાઓના પ્રમાણમાં ખૂબ મોટો વધારો થઈ રહ્યો છે અને આવા ગુનાઓને હળવાશથી લઈ શકાય નહી. સમાજમા દાખલો બેસે તે હેતુથી પણ આરોપીને સખતમાં સખત સજા કરવા વિનંતી કરી હતી. કોર્ટે બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ આરોપીને તકસીરવાર ઠરાવી ૨૦ વર્ષની સજા અને દંડ ફટકાર્યો હતો.

સગીર સાથે સંમતિથી બાંધવામાં આવેલા શરીરસંબંધને કાયદામાં બળાત્કાર જ ગણવામાં આવે છે: કોર્ટ

બચાવપક્ષ દ્વારા ભોગ બનનાર અને આરોપી બંને વચ્ચે પ્રેમસંબંધ હોવાથી સાથે ભાગી જઈ બંને જણા સાથે ગોવા, મુંબઇ, પટના અને લખીસરાઇ ગયા હતા. આરોપી અને ભોગ બનનાર વચ્ચે એક કરતાં વધારે વખત શરીરસંબંધ બંધાયેલા હોવાનો સ્વીકાર કરે છે. જોકે કોર્ટ રૂબરૂ પુરાવામાં આ બાબતનો ઇન્કાર કરેલો છે. આરોપી દ્વારા જબરદસ્તીથી શારીરિક સંબંધ બાંધ્યા હતા. જેથી એક સગીર વયની બાળકીને વાલીની સંમતિ વગર લઇ જવી તેને કાયદામાં 'અપહરણ' જ ગણવામાં આવેલા છે અને ત્યારબાદ તેણીની સંમતિથી પણ બાંધવામાં આવેલા શરીરસંબંધને પણ આ કાયદામાં 'બળાત્કાર' જ ગણવામાં આવે છે.

પાટીદાર સમાજની 17 વર્ષીય સગીરા ગુમ થયાને 35 દિવસ બાદ પણ પોલીસ નિષ્ક્રિય

પાટીદાર યુવાનોએ સરથાણા પોલીસ સ્ટેશનનો ઘેરાવો કર્યો

પાટીદાર સેવા સંઘની મિટિંગ બાદ સમાજમાં રોષ ફાટ્યો, જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવા રજૂઆત

સુરતઃ પાટીદાર સમાજની 17 વર્ષીય સગીરા ગુમ થયાની ફરિયાદને આજે 35 દિવસ વિતી ગયા હોવા છતાં પોલીસ દ્વારા કોઈ અસરકારક કાર્યવાહી ન કરવામાં આવતાં સમાજમાં ભારે રોષ ફેલાયો છે. આ મામલે આજે સરથાણા પોલીસ સ્ટેશનનો પાટીદાર સમાજ દ્વારા ઘેરાવો કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં એકત્રિત થયેલા સમાજના લોકો પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા.

પાટીદાર સેવા સંઘ દ્વારા ગુરુવારે તિરુપતિ સોસાયટીની વાડી ખાતે મિટિંગ યોજાઈ હતી. મિટિંગ પૂર્ણ થયા બાદ ભેગા થયેલા ટોળાએ સરથાણા પોલીસ સ્ટેશનનો ઘેરાવો કરી પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. 35 દિવસથી દીકરી પરિવારથી અલગ છે, ત્યારે દીકરીના ભાઈએ સમાજ પાસે મદદની અપીલ કરી હતી.

મળતી માહિતી મુજબ ગુમ થયેલી દીકરીનાં માતા-પિતા ગામડે રહે છે અને સુરતમાં તે પોતાના કાકા સાથે રહેતી હતી.

સમાજ દ્વારા દીકરીને વહેલી તકે શોધી લાવવા માટે ગૃહ વિભાગમાં રજૂઆત કરવાની જાહેરાત કરવામાં આવી છે. સાથે જ આરોપીને ઝડપથી પકડી તેના સામે વિશેષ ગુનો દાખલ કરવાની માંગ ઊઠી છે.

સમાજના આગેવાનોનો આક્ષેપ છે કે, આરોપીનો ફોન પાંચ દિવસ સુધી ચાલુ હતો અને તેનું લોકેશન પણ ઉપલબ્ધ હતું, તેમ છતાં પોલીસે ગફલત દાખવી, જેના કારણે કોઈ પરિણામ મળ્યું નથી. આ મામલે જવાબદાર પોલીસ અધિકારી સામે કાયદેસરની કાર્યવાહી કરવાની પણ માંગ કરવામાં આવી છે.

સૌરાષ્ટ્રના એક ગામડામાં રહેતા દીકરીના પરિવારને આર્થિક સહાય માટે સમાજ દ્વારા બાંયધરી આપવામાં આવી છે. મિટિંગમાં હાજર રહેલા તમામ લોકો સરથાણા પોલીસ સ્ટેશન પહોંચી જવાબ માંગ્યા હતા. સાથે જ સમાજમાં વ્યાપતા સામાજિક દૂષણો ખતમ થાય અને યુવાનો જાગૃત બને તેવી અપીલ પણ કરવામાં આવી હતી.

બપોર સુધી સુરતમાં છવાયું ગાઢ ધુમ્મસ

■ વર્ષની શરુઆતમાં જ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે ત્યારે સુરતમાં આજે ગુરુવારે બપોર સુધી ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું. (તસવીર : હેમંત ડેરે)

પાંડેસરા-બમરોલીના વિવર્સ વીકમાં 2 દિવસ ઉત્પાદન કાપ રાખશે

ઓવર પ્રોડક્શન અને ભાવ ઘટાડા સામે 48 કલાક મશીનો બંધ રાખવાનો નિર્ણય

સુરતઃ વિવિંગ ઉદ્યોગમાં લાંબા સમયથી ચાલી રહેલા ઓવર પ્રોડક્શન અને કાપડના ભાવોમાં સતત ઘટાડાને કારણે સચિન ડાયમંડ પાર્કના 200 વિવિંગ એકમો પછી હવે પાંડેસરા બમરોલી વિસ્તારની 20 વિવિંગ સોસાયટીઓના પાવરલૂમ એકમો વીકમાં 2 દિવસ સ્વૈચ્છિક ઉત્પાદન કાપ રાખશે. ગ્રે કાપડના ઓવર પ્રોડક્શન અને ભાવ ઘટાડા સામે 48 કલાક મશીનો બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બંધની જાણ મશીન ઓપરેટરોને પણ કરી દેવામાં આવી છે. સચિન ડાયમંડ પાર્કનાં એકમો તા.27 ડિસેમ્બર-2025થી દર શનિવારે 24 કલાક માટે તમામ લૂમ્સ બંધ રાખી રહ્યાં છે.

નવા વર્ષે આ નિર્ણય હેઠળ બમરોલી, પાંડેસરા રોડની મોટી વિવિંગ સોસાયટીઓમાં કાર્યરત સેમી ઓટોમેટિક લૂમ, રેપિયર જેકાર્ડ, વોટરજેટ અને એરજેટ લૂમ્સનાં એકમો હવે વીકમાં 2 દિવસ પ્રોડક્શન બંધ રાખી ઉત્પાદન ઘટાડશે. 15 જાન્યુઆરી પછી બજારની સ્થિતિ અને આગામી લગ્નસરાનું આંકલન કરી આગળનો નિર્ણય લેશે. ઉદ્યોગ તજજ્ઞોના જણાવ્યા મુજબ ઓવર પ્રોડક્શનની સ્થિતિ હળવી કરવા અને બજારમાં સંતુલન લાવવા માટે આ પગલું લેવામાં આવ્યું છે.

ગ્રે કાપડની ખરીદી અટકી, વિવર્સ પર અસર

સુરતના વિવિંગ ઉદ્યોગમાં હાલ મંદીનો સ્પષ્ટ માહોલ જોવા મળી રહ્યો છે. વેપારીઓએ વિવર્સ પાસેથી ગ્રે કાપડની નવી ખરીદી અટકાવી દેતાં મિલ માલિકોને જોબવર્કના કામ મળતાં નથી. પરિણામે ઉત્પાદન ચક્ર પર ગંભીર અસર પડી છે. ડાઈંગ મિલોમાં પણ ઉત્પાદન કાપ રાખવામાં આવી રહ્યો છે. મંદીની અસર ડાઈંગ મિલોમાં પણ જોવા મળી રહી છે. ઘણી ડાઈંગ મિલો અઠવાડિયામાં બે દિવસ ઉત્પાદન કાપ રાખી રહી છે. જેના કારણે સમગ્ર ટેક્સટાઇલ ચેઇનમાં ધીમી ગતિ અનુભવાઈ રહી છે. ઉદ્યોગ સાથે જોડાયેલાં વર્તુળોમાં આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે નવા વર્ષમાં, ખાસ કરીને 15 જાન્યુઆરીએ કમુરતાં પૂર્ણ થયા બાદ પોલિએસ્ટર બેઝ કાપડની માંગમાં સુધારો આવી શકે છે. જો માંગ વધે તો વિવિંગ અને ડાઈંગ બંને સેક્ટરમાં ફરીથી ગતિ આવવાની સંભાવના છે.

ઈશ્વર નાયક ભવન ખાલી કરાવવા મનપાનો તખ્તો

યુનિયનોના કબજામાં બાકી રહી ગયેલા કબજા પણ લેવાશે

સુરતઃ મહાનગરપાલિકામાં તાજેતરમાં 25 કર્મચારી યુનિયનની માન્યતા રદ થયા બાદ હવે તેના કબજામાં રહેલી મનપાની મિલકતો બાબતે કડક કાર્યવાહીનો દોર શરૂ કરવામાં આવ્યો છે. મુઘલસરાય સ્થિત ઓફિસો ખાલી કરાવ્યા બાદ હવે સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં શાહપોર વાંકી બોરડી સ્થિત યુનિયનોના કબજામાં બાકી રહી ગયેલા ઈશ્વર નાયક ભવન હોલનો કબજો પણ લઈ લેવા માટે મનપાના સેન્ટ્રલ ઝોન દ્વારા તૈયારી કરી દેવાઈ છે.

મનપાનાં 25 યુનિયન પોતાની કાયદેસરતા પુરવાર કરવામા નિષ્ફળ ગયા બાદ મુઘલસરાય સ્થિત 11 યુનિયનની ઓફિસોનો કબજો લઈ લેવાયો હતો. આ મુદ્દે યુનિયનોને કોર્ટમાં પણ પછડાટ મળ્યા બાદ પણ સેન્ટ્રલ ઝોનમાં શાહપોર વાંકીબોરડી સ્થિત વોર્ડ નં.12માં આવેલી નોંધ નં.1107 વાળી ગ્રાઉન્ડ ફ્લોર અને એક માળવાળી મિલકત (ઈશ્વર નાયક ભવન હોલ)નો ઉપયોગ હજુ સુધી યુનિયન દ્વારા કરવામાં આવી રહ્યો છે. 60ના દાયકામાં સુધરાઈ સ્ટાફ યુનિયનને ફાળવાયેલી આ મિલકતની લીઝ નિયમ મુજબ રિન્યુ કરવામાં આવી નથી. તેથી મનપાના રેકોર્ડ મુજબ આ મિલકતનો યુનિયન દ્વારા અનઅધિકૃત વપરાશ થઈ રહ્યો છે. ડેપ્યુટી કમિશનર નિધિ સીવાચ દ્વારા આ મુદ્દે સેન્ટ્રલ ઝોનને પત્ર લખાયા બાદ, આ મિલકતની માલિકી અને ફાળવણી અંગેના પુરાવા રજૂ કરવા અપાયેલી મુદ્દત પૂરી થયા બાદ ત્રણ ત્રણ વખત 6 ડિસેમ્બર અને 29 ડિસેમ્બર બાદ હવે 1 જાન્યુઆરીએ ફરીથી નોટિસ આપી મિલકત ખાલી કરવા એક દિવસનો સમય આપવામાં આવતાં શહેરની યુનિયન રાજનીતિમાં ભારે ખળભળાટ મચી ગયો છે. કેમ કે, કાલે છેલ્લો દિવસ હોવાથી જો યુનિયનો શુક્રવારે આ મિલકત ખાલી નહીં કરે તો મનપા દ્વારા પોલીસ બંદોબસ્ત વચ્ચે કબજો લેવાઈ જશે.

લંડનમાં નર્સિંગ જોબ આપવાનું કહી 4 લાખની ઠગાઇ

સુરતઃ અમરોલીમાં રહેતી યુવતીને લંડનના વિઝા અને નર્સિંગની નોકરી અપાવવાની લાલચ આપી રૂ. ૪ લાખની રકમ પડાવી લેવામાં આવી હતી. ત્યારબાદ જોબ નહીં અપાવી માત્ર 4 લાખ જ પરત કરનાર ઠગ સામે ગુનો નોંધાયો છે. અમરોલી કોસાડ રોડ પર આવેલી મહાવીરધામ-02 સોસાયટીમાં રહેતી ધર્મિષ્ઠાબેન નરેશભાઈ સોલંકીએ ધર્મેશ નરેશકુમાર ભાટિયા (રહે. સમન્વય સિલ્વર, રોયલ ઓર્ચિડ હોટલ સામે, અકોટા, વડોદરા) સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. તેમણે જણાવ્યું હતું કે આરોપી સાથે તેમનો સોશિયલ મીડિયાથી સંપર્ક થયો હતો. આરોપીએ તેમને સેન્ટ્રલ લંડન સ્થિત કેથરીન્સ વે નર્સિંગ સંસ્થામાં નોકરી અને વાર્ષિક રૂ. 27 લાખ જેટલો પગાર મળશે તેવી લાલચ આપી 8 લાખ લીધા બાદ ઠગાઇ કરી હતી.

સંક્ષિપ્ત સમાચાર

સુરત પારસી સમાજનું ગૌરવઃ પરિઝાદ પાલિયા પીએચ.ડી. થયા

સુરતઃ સુરત પારસી સમાજના ગૌરવરૂપ અને ગતિશીલ વ્યક્તિત્વ ધરાવતા ડો. પરિઝાદ પર્સી પાલિયાને ઉકા તરસાડીયા યુનિવર્સિટીના ૧૩મા પદવીદાન સમારંભમાં બાયોટેકનોલોજીમાં પીએચ.ડી.ની ઉપાધિ મુખ્ય મહેમાન બિહારના રાજ્યપાલ આરીફ મોહમંદ ખાનની ઉપસ્થિતમાં અને કે.પી. ગ્રુપના સ્થાપક, ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડો. ફારુક જી. પટેલના હસ્તે એનાયત કરવામાં આવી હતી. પરિઝાદની પીએચડી ડિગ્રીનો વિષય ગ્રીન સિન્થેસાઇઝડ નેનો ફોર્મ્યુલેશન ઓફ ફાઇટો કેમિક્લ્સ ફોર ધ ટ્રિટમેન્ટ ઓફ કેન્સર્સ હતો. તેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જર્નલોમાં ૨૧ જેટલા રીસર્ચ પેપર્સ અને ચેપ્ટર્સ પ્રસ્તુત કર્યા છે. તેમજ બે વખત રાષ્ટ્રીય એવોર્ડ પણ પ્રાપ્ત કર્યો છે. સુરત રક્તદાન કેન્દ્ર એન્ડ રિસર્ચ સેન્ટરમાં કોર્ડ બ્લડ સ્ટેમ સેલ પ્રિઝર્વેશન (પ્રથમ ૧૦૬ પ્રિઝર્વેશન્સ) સ્થાપિત કરવામાં અગ્રણી રહ્યા છે.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ કેતન દેસાઈ શ્રી દયાળજી વિદ્યાર્થી સહાયક સહકારી મંડળીના પ્રમુખ બન્યા

સુરતઃ શ્રી દયાળજી વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લિ., સુરતની કારોબારી સમિતિની મિટિંગ યોજાઈ હતી, જેમાં ચેમ્બરના પૂર્વ પ્રમુખ કેતનભાઈ દેસાઈ (કલ્લુ)ની પ્રમુખ તરીકે તેમજ કારોબારી સભ્ય તરીકે મુકેશભાઈ દેસાઈ (નિવૃત બેંક મેનેજર) (હાલ રહે.,રવિશંકર સંકુલ, સુરત) ની સર્વાનુમતે નિમણૂક કરવામાં આવી છે. જ્યારે ઉપપ્રમુખ તરીકે પંકજ દેસાઈ (અડાજણ), મંત્રી રાકેશ દેસાઈ (ભટાર રોડ), સહમંત્રી તરીકે પીયૂષ દેસાઈ (ઉધના), ટ્રેઝરર તરીકે હરેશ નાયક (અડાજણ) તેમના હાલના હોદ્દા પર યથાવત રહ્યા છે.

જીવનમાં કોઇપણ ક્ષેત્રે ધર્મ વિના નહીં ચાલેઃ જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી

સુરતઃ પીપલોદ ડુમસ રોડ સ્થિત ઓડીકાર શો રૂમની પાછળ આવેલા શ્રી શાંતિનાથ શ્વે. મૂ. પૂ. તપાગચ્છ જૈન સંઘના ઉપક્રમે વિશિષ્ટ પ્રવચનમાળા ચાલી રહી છે. આ પાવન અવસરે આચાર્ય વિજય પદ્મદર્શનસૂરિજી મહારાજએ અમૃતવાણી વહાવતા કહ્યું હતું કે, જીવન જીવવા માટે જેમ ઓક્સિજન વિના ન ચાલે તેમ દુનિયાનાં કોઈપણ સુખો ધર્મ વિના મળી શકતા નથી. અનિયંત્રિત અર્થ અને કામ તો ભુંરાટા થયેલા આખલા જેવા છે. સત્તા, સંપત્તિ અને ભૌતિક સુખ ઉપર નિયંત્રણ નહીં હોય તો જીવનમાં પારાવાર નુકસાનની શક્યતા છે. જીવનમાં કોઇપણ ક્ષેત્રે ધર્મ વિના નહીં ચાલે. ધર્મથી જ પુણ્ય અને પુણ્યથી જ પૈસા મળે છે. પૈસા માટે અન્યાય, અનીતિ અને વિશ્વાસઘાત જેવા પાપ ન કરી શકાય. આવા પાપ કરનારાઓ આજે એનાં માઠા ફળ ભોગવી રહ્યા છે. અર્થ-કામમાં બેફામ બનનારાઓ શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક ક્ષેત્રે ક્યાંય ફાવતા નથી.

સુરતની લુડ્ર્સ કોન્વેન્ટ સ્કૂલની વિદ્યાર્થિનીઓનું રાષ્ટ્રીય યોગા સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન

સુરતઃ યોગા ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત અને ઝારખંડ યોગા એસોસિએશન દ્વારા સંચાલિત 50મી સબ જૂનિયર અને જૂનિયર યોગા ચેમ્પિયનશિપ ઓફ ઇન્ડિયામાં, લૂડર્સ કોન્વેન્ટ સ્કૂલ, સુરતની વિદ્યાર્થિનીઓએ પ્રસંશનીય સિદ્ધિ હાંસલ કરી છે. જેમાં ટ્રેડિશનલ ઇવેન્ટ્સમાં રાજવી સંકારિયાએ 10થી 12 વર્ષ વય જૂથ (કન્યાઓ)માં પાંચમો ક્રમ, તનિશ્કા જોશીએ 8થી 10 વર્ષ વય જૂથ (કન્યાઓ)માં છઠ્ઠો ક્રમ, અન્ડર-14 કન્યાઓની આર્ટિસ્ટિક સોલો સ્પર્ધામાં લિયા અંગ્રોલિયાએ છઠ્ઠો ક્રમ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થિનીઓની આ સિદ્ધિથી શાળા તેમજ સુરત શહેરનું નામ રાષ્ટ્રીય સ્તરે ઉજાગર થયું છે.

વેસુમાં ભવ્ય લબ્ધિભૂમિની નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મુલાકાત લીધી

સુરતઃ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ સુરતના વેસુ વિસ્તારમાં સ્થિત ભવ્ય અને આધ્યાત્મિક રીતે મહત્ત્વપૂર્ણ લબ્ધિભૂમિની મુલાકાત લીધી ત્યારે ત્યાં પ્રખ્યાત જૈનાચાર્ય અજીતયશ સુરીશ્વરજી મહારાજ અને સ્વપ્નદ્રષ્ટા જૈનાચાર્ય સંસ્કારયશસુરીશ્વરજી મહારાજ પણ હાજર રહ્યા હતા. લબ્ધિભૂમિના દરેક સ્તરનું નિરીક્ષણ કરતા નાયબ મુખ્યમંત્રીએ તેની ભવ્યતા, સુવ્યવસ્થિત રચના અને આધ્યાત્મિક વાતાવરણની પ્રશંસા કરી હતી. આ મુલાકાત દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘ